અપીલ અરજી નં.૬૬૯ તા.૦૯–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીડીઓ)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સાઉથઝોન(ઉધના)ના જુનિ. ઈજનેરશ્રી પ્રવિણચંદ્ર બી. સુરાવાલાના વિસ્તારોમાં ગેરકાયદે, પરવાનગી વગરના, સી.ઓ.પી.ની કે માર્જીનની જગ્યામાં કે અન્ય કોઈ સરકારી કે પડતર જમીનમાં ગેરકાયદે થયેલ બાંધકામોના સરનામા સહિતની વિગતોની સંપૂર્ણ માહિતી વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૬૯/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧–૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) સાઉથઝોન(ઉધના)ના જુનિ. ઈજનેરશ્રી પ્રવિણચંદ્ર બી. સુરાવાલાના વિસ્તારોમાં ગેરકાયદે, પરવાનગી વગરના, સી.ઓ.પી.ની કે માર્જીનની જગ્યામાં કે અન્ય કોઈ સરકારી કે પડતર જમીનમાં ગેરકાયદે થયેલ બાંધકામોના સરનામા સહિતની વિગતોની સંપૂર્ણ માહિતી વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન / એસ્ટા / ૨૧૬૭ તા. ૭–૨–૧૨ માં જણાવ્યા મુજબ અમોએ રૂ.૬/– રસીદ નં. ૧૩૭૯૮૮ તેમજ પત્ર નં. સા.ઝોન/ટેક/૭૩૮ તા. ૬–૨–૧૨માં જણાવ્યા મુજબ અમોએ રૂ.૧૨/–રસીદ નં. ૧૩૭૯૮૭થી ભરાવેલ હોવા છતાં માહિતી પુરી પાડેલ નથી, ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ / આ / ૫૭૪ તા. ૯–૨–૧૨ થી શું જવાબ આપેલ તે સ્પષ્ટ થતું નથી તથા વરાછાઝોન તરફથી કોઈ પણ પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા જાહેર માહિતી અધિકારી ઉધનાઝોને ફી ભરપાઈ બાદ માહિતી નહીં પુરી પાડવા અંગેના કારણો સહ વિગત સ્પષ્ટ કરવા સાથે** ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(ટીડીઓ)કક્ષાએ મુદ્દા નં. ૩ અન્વયે શિક્ષાત્મક કાર્યવાહી રજીસ્ટર કે ફરીયાદ રજીસ્ટર આધારિત કોઈ વિગત હોય તો ચકાસી જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૯૬ તા.૧૫–૩–૧૨ થી ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીડીઓ) ,એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને પક્ષકાર ડે.કમિ.(પી.એન્ડ.ડી)અને જાહેર માહિતી અધિકારી(ટીડીઓ) અને એડી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) માટે નારાજગી અંગે મુદ્દો સ્પષ્ટ કરી વિગત આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/મહેકમ/આ.નં.૨૪૮૨ તા.૨૦–૩–૧૨ થી પૂરક વિગતોમાં સા.ઝોન/ એસ્ટા/ આ.નં.૨૧૬૭ તા.૭–૨–૧૨ થી અરજદારને આપવામાં આવેલ માહિતી પત્રસાથે દસ્તાવેજફી ભરવા પાઠવેલ પત્રની નકલ, નોંધ વિભાગ, પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૨૩૮૧ તા.૧–૩–૧૨ થી નકલ સહ માહિતી આપવા પાઠવેલ પત્રની નકલ, પત્ર નં.સા.ઝોન/ એસ્ટા/૧૬૯૬ તા.૧૨–૧૧–૧૦ ના પત્રની નકલ, પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૯૨૯ તા. ૩૧–૧૨–૧૦ ના પત્રની નકલ, પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૬૨ તા.૮–૪–૧૧ ના પત્રની નકલ ,અરજદારને આપવામાં આવેલમાહિતી અંગે પત્ર નં.સા.ઝોન/૮ તા.૯–૪–૧૨ ના પત્રની નકલ તથા ગેરકાયદેસર બાંધકામોની યાદીનીનકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ /આ.નં.૯૮૮ તા.૨૬–૩–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ, જાહેર માહિતી અધિકારી

ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૧૧૮ તા.૨૫–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, વરાછાઝોન, વીજીલન્સ, ખાતાકીય તપાસ વિભાગ, ડ્રેનેજ, (સ્લમ) વિભાગ, સેન્ટ્રલ ડિઝાઈન વિભાગ, ટાઉન પ્લાનીંગ વિભાગ, પી.ઓ.શ્રી.(મધ્યસ્થ મહેકમ)ને તબદીલ કરેલ પત્રની નકલ, તથા પત્ર નં.ઈ.ઝેડ/૯૮૮ તા.૨૩–૨–૧૨ થી અરજદારને આપેલ માહિતી પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૧–૧–૧૨ ની અરજીથી સાઉથઝોન(ઉધના)ના જુનિ. ઈજનેરશ્રી પ્રવિણચંદ્ર બી. સુરાવાલાની સુમપાનીનોકરી દરમ્યાન ઉધનાઝોન વિસ્તારોમાં ગેરકાયદે થયેલ બાંધકામોના સરનામા સહિતની વિગતોની સંપૂર્ણ માહિતી વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૧૧૮ તા.૨૫–૧–૧૨ થી નિયતસમય અવધિમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, વરાછાઝોન, વીજીલન્સ, ખાતાકીય તપાસ વિભાગ, ડ્રેનેજ, (સ્લમ) વિભાગ, સેન્ટ્રલ ડિઝાઈન વિભાગ, ટાઉન પ્લાનીંગ વિભાગ, પી.ઓ.શ્રી.(મધ્યસ્થ મહેકમ)ને મુદ્દાનં.૩ અને ૪ અંગે તબદીલ કરવામાંઆવેલ. જેનાઅનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/૫૭૪ તા.૯–૨–૧૨ થી નિયત સમય અવધિમાં , જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૭૩૫ તા.૭–૨–૧૨ થીનિયત સમય અવધિમાં , જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૩૧૯ તા. ૯–૨–૧૨ થી નિયત સમય અવધિમાં, જાહેર માહિતીઅધિકારી અને ખાતાકીય તપાસઅધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૯૯ તા.૧૭–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં , જાહેર માહિતીઅધિકારીવીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૨૩૨૪ તા.૧–૩–૧૨ થી નિયત સમય અવધિ બાદ ,જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથીપત્ર નં.સા.ઝોન/એસ્ટા/૨૧૬૭ તા.૭–૨–૧૨ થી નિયત સમયઅવધિમાં તથા સા.ઝોન/એસ્ટા/૨૩૮૮ તા. ૧–૩–૧૨ થી નિયત સમય અવધિ બાદ ,પત્ર નં.સા.ઝોન/ટેક./૭૩૮ તા.૬–૨–૧૨ થી નિયત સમય અવધિમાં , જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯ ૮૮ તા.૨૩–૨–૧૨ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જેના અનુસધાને અરજદારેએડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન / એસ્ટા / ૨૧૬૭ તા. ૭–૨–૧૨ માં જણાવ્યા મુજબ અમોએ રૂ.૬/– રસીદ નં. ૧૩૭૯૮૮ તેમજ પત્ર નં. સા.ઝોન/ટેક/૭૩૮ તા. ૬–૨–૧૨માં જણાવ્યા મુજબ અમોએ રૂ.૧૨/–રસીદ નં. ૧૩૭૯૮૭થી ભરાવેલ હોવા છતાં માહિતી પુરી પાડેલ નથી, ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ / આ / ૫૭૪ તા. ૯–૨–૧૨ થી શું જવાબ આપેલ તે સ્પષ્ટ થતું નથી તથા વરાછાઝોન તરફથી કોઈ પણ પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૯–૩–૧૨ નારોજ અપીલ અરજી કરેલછે. જેમાં મુદ્દા નં.(૧) સાઉથઝોન(ઉધના)ના જુનિ. ઈજનેરશ્રી પ્રવિણચંદ્ર બી. સુરાવાલાના વિસ્તારોમાં ગેરકાયદે, પરવાનગી વગરના, સી.ઓ.પી.ની કે માર્જીનની જગ્યામાં કે અન્ય કોઈ સરકારી કે પડતર જમીનમાં ગેરકાયદે થયેલ બાંધકામોના સરનામા સહિતની વિગતોની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતીઅધિકારી સેન્ટ્રલઝોન તરફથી મુદ્દાનં.૧ લાગુપડતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દાનં.(૨) ઉપરોકત મુદ્દામાં દર્શાવેલ બાંધકામોમાંથી અગાઉ ડીમોલીશન થયેલ હોય તેમ છતાં ત્યારબાદ ફરીથી આ બાંધકામ થયેલ હોયકે ચાલુ હોય તેવા બાંધકામોના સરનામા સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતીઅધિકારી સેન્ટ્રલઝોન તરફથી લાગુ પડતો નથી. તેવું જણાવેલછે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ ટેક./૭૩૮ તા.૬–૨–૧૨ થી મુદ્દાનં.૧ તથા ૨ માટે રૂા.૧૨/– ભર્યેથી માહિતી આપી શકાશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૧૩૭૯૮૮ તા.૨૪–૨–૧૨ થી ભરપાઈ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૮ તા.૯–૪–૧૨ થી અરજદારને ગેરકાયદેસર બાંધકામ બાબતેની નકલોની માહિતી કલમ–૭(૩) થી વિસંગત વિલંબથી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) સાઉથઝોન (ઉધના) ના જુની. ઈજનેર શ્રી પ્રવિણચંદ્ર બી.સુરાવાલાએ જયારથી સુરત મહાનગરપાલિકામાં નોકરી શરૂ કરી ત્યારથી આજ દિન સુધી તેઓના વિરુધ્ધમાં કોઈ પણ પ્રકારે કાર્યવાહી કરવા સારું આવેલ ફરીયાદ અરજીઓ અને આ સંદર્ભે તેઓ વિરુધ્ધ થયેલ કે નહીં થયેલ કાર્યવાહી અને જે અધિકારીની આ કાર્યવાહી કરવાની જવાબદારી થતી હોય તે અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની નકલો સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સા.ઝોન ખાતે ફરજ બજાવતાં આસી. ઈજનેર શ્રી પી.બી.સુરાવાલાની ફરજ દરમ્યાન તેમની સામે /વિરુધ્ધ કોઈ ફરીયાદ અરજી આવેલ હોવાનું રેકર્ડ જોતાં જણાયેલ નથી. તેવું જણાવેલછે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનમાં પ્રવિણચંદ્ર બી.સુરાવાલાએ આસી. ઈજનેર તરીકે તા.૩–૮–૯૬ થી તા.૨૪–૧૦–૨૦૦૧ દરમ્યાન ફરજ બજાવેલ છે.આ સમય દરમ્યાન તેઓ વિરુધ્ધ ફરીયાદ/અરજીઓ કે થયેલ કોઈ કાર્યવાહી અંગેના સેન્ટ્રલઝોનના ઉપલબ્ધરેકર્ડની ચકાસણી કરતાં કોઈ માહિતી મળી આવેલ નથી. તેવું જણાવેલછે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી વરાછાઝોનના ઉપલબ્ધ રેકર્ડતપાસતાં પૂર્વઝોન (વરાછા) ના કાર્યકાળ દરમ્યાન તેમના વિરુધ્ધ કોઈ ફરીયાદ મળેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) સાઉથઝોન (ઉધના) ના

જુની. ઈજનેરશ્રી પ્રવિણચંદ્ર બી. સુરાવાલાએ જયારથી સુરત મહાનગરપાલિકામાં નોકરી શરૂ કરી ત્યારથી આજ દિન સુધી તેઓના વિરુધ્ધ ખાતાકીય તપાસ કે વીજીલન્સ ઈન્સ્પેકશન ધ્વારા તપાસ કે કાર્યવાહી થયેલહોય તેની કાર્યવાહીની નકલ સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સેન્ટ્રલઝોનમાં પ્રવિણચંદ્ર બી. સુરાવાલાની વિરુધ્ધમાં સેન્ટ્રલઝોન માં તેમના કાર્યકાળ દરમ્યાન તેમનીવિરુધ્ધ કોઈ ખાતાકીય તપાસણી કે કોઈ કાર્યવાહી થયેલ નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી (૧)પ્રભુદર્શન સોસા. ના પ્લોટ નં.૨૪, ૨૫, ૨૬,૨૭ માં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે સા.ઝોન/એસ્ટા/૮૧૪ તા. ૩–૮–૧૦ નારોજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જેના સંદર્ભે મજકુરને તા.૧૨–૧૧–૧૦ થી ઠપકો આપવામાં આવેલછે. (૨) આરટીઆઈએકટ –૨૦૦૫ હેઠળ માંગવામાં આવેલ માહિતી ૩૦ દિવસમાં અરજદારને નહીં પાઠવવા સબબ પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૯૨૯ તા.૩૧–૧૨–૧૦ ના રોજ કારણદર્શક નોટીસ આપી ખુલાસો રજૂ કરવા જણાવેલ છે.(૩) સા.ઝોનમાં આવેલ ટીપી સ્કીમ નં.૧ (ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૧૩૭ શીવ આશીષ કો.ઓ. સોસા.ના ગાળાનં.૧૧ થી ૧૪ માં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના તા.૨૫–૩–૧૧ ના તપાસ રીપોર્ટ અંતર્ગત ખુલાસો રજૂ કરવા કારણદર્શક નોટીસ નં.સા.ઝોન/એસ્ટા/૮–૪–૧૧ થી આપવામાં આવેલ છે. (૪) અનુ નં.૧,૨,૩ ની માહિતીના પાના નં.૩ ના રૂા.૬/– ભરી રસીદની ઝેરોક્ષ નકલ રજૂ કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. તેવું જણાવેલ છે. જે અરજદારે રસીદ નં. ૧૩૭૯૮૮ થી પૈસા ભરેલછે. જે અંગે અરજદારને પત્ર નં.સા.ઝોન/એસ ટા/૨૩૮૧ તા.૧–૩–૧૨ થી અરજદારને તેમની અપીલ પૂર્વે સમય અવધિમાં પૂરી પાડવામાં આવેલ છે તેમ છતાં અરજદારે માહિતી પૂરી પાડવામાં નહીં આવ્યાની રજૂઆત કરેલ છે તથા તે અંગે દંડની પણ દાદ માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડેલ હોય અપીલ બાબતે કંઈ કરવાનું રહેતું નથી. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/૫૭૪ તા.૯–૨–૧૨ થી અરજદારને અરજીમા માંગ્યા મુજબની માહિતી અલગ નિભાવવામાં આવતી નથી તેવું જણાવેલ છે જે અંગે અરજદારે માહિતી અસ્પષ્ટ હોવાની રજૂઆત કરેલ છે.જે અંગે જાહેર માહિતી અધિકારીએ માંગેલ માહિતીમાં કેવા પ્રકારની માહિતી અલગ નિભાવવામાં આવતી નથી તેવું સ્પષ્ટ થતું નથી વાસ્તવમાં અરજદારે નિર્દિષ્ટ કર્મચારી વિરુધ્ધ ફરીયાદ અને તે અંગેની કાર્યવાહી તેમ કરવાને જવાબદાર અધિકારીઓની સ્વયં સ્પષ્ટ વિગતો માંગેલ છે જ. દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી શ્રી પી.બી. સુરાવાલા પૂર્વઝોન (વરાછા) ના ફરજ સમય દરમ્યાન ડ્રેનેજ વિભાગને લગતી ઈજારદારો ધ્વારા ચાલતા કોન્ટ્રાકટ હેઠળના કામેબીલ પેમેન્ટ તથા ઈજારદાર તરફથી વપરાશમાં લેવાતા માલસામાનમાં વિસંગતતા બાબત ચાર્જશીટ નં.૧૪૪૩ તા.૮–૧૦–૦૭ થી આપવામાં આવેલ તેની નકલ મેળવવા માટે રૂા.૨/– ભર્યેથી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. પરંતુ અરજદારે રૂ.૨/– ભરપાઈ કરી માહિતી મેળવેલ છે કે કેમ તે અંગે બને પક્ષકારો તરફથી કોઈપ્રકાશ પાડેલ નથી.

અરજદારને સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આ.નં.૨૩૧૯ તા.૯–૨–૧૨ થી મુદ્દાનં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવે છે. જાહેર માહિતીઅધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૯૯ તા.૧૭–૧૨–૧૧ થી સા.ઝોન ઉધનાના જુની. ઈજનેર શ્રી પ્રવિણચંદ્ર બી.સુરાવાલાએ જયારથી સુમપામાં નોકરી શરૂ કરી ત્યારથી આજદિન સુધી તેઓના વિરુધ્ધ ખાતાકીય તપાસ કે વીજલન્સ ઈન્સ્પેકશન ધ્વારા તપાસ કે કાર્યવાહી થયેલહોય તેની કાર્યવાહીની નકલ સહિતની સંપૂર્ણ માહિતી અન્વયે માહિતીના પાના નંગ–૯ ના પાના દીઠ રૂા.૨/–લેખે કુલ રૂા.૧૮/– મનપાના સીવીક સેન્ટર ખાતે જમા કરાવવા જણાવવામાં આવે છે જે નકલ ફી ની રકમ જમા કરાવ્યા બદલની રસીદની નકલ રજૂ કર્યેથી તમોને આપવાજોગ દસ્તાવેજોની નકલ પૂરી પાડવામાં આવશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૧૭૦૮૯૦ થી રૂા.૧૮ ભરપાઈકરી પાના નંગ–૮ ની માહિતી મળેલ છે તેવું માહિતી અધિકારીના પત્રમાં લખેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૨૩૨૪ તા.૧–૩–૧૨ થી ઉધનાઝોનમાં આસી. ઈજનેર તરીકે ફરજ બજાવતાં શ્રી પી.બી. સુરાવાલાઅંગે માંગેલ માહિતી બાબતે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ખાતાના સને ૨૦૦૨–૦૩ પછીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં મજકુર કર્મચારી વિરુધ્ધ કોઈ અરજી થયેલ હોવાનું જણાતું નથી. તેમ છતાં કોઈ કિસ્સો ધ્યાને હોય તો તે જણાવ્યેથી ઉપલબ્ધ માહિતી તમોને પૂરી પાડવામાં આવશે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વીઆઈઓનો પ્રત્યુત્તર સાઉથઝોનના પત્ર તા.૭–૨–૧૨ થી મુદ્દા નં.૩ ના વીઆઈઓ સંદર્ભે આપેલ માહિતી સાથે સુસંગ નથી. આમ અરજદારને સદર ત્રણ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળ્યા બાબતે અપીલમાં કોઈ તકરાર નથી. જયારે અરજદારે અપીલના મુદ્દાનં.૧ માં ઉધનાઝોન તરફથી રસીદ નં.૧૩૭૯૮૮ થી રૂા.૬/– તથા રસીદ નં.૧૩૭૯ ૮૭ થી રૂા.૧૨/– ભર્યા હોવા છતાં માહિતી મળેલ નથી જે અંગે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/એસ્ટા/૨૩૮૧ તા.૧–૩–૧૨ થી અરજદારની અપીલ પૂર્વે માહિતી પૂરી પાડેલ છે. જયારે પત્ર નં.સા.ઝોન/ટેક./૮ તા.૯–૪–૧૨ થી અપીલ તબકકે અરજદારને રૂા.૧૨/– ભરપાઈકર્યા અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે આમ ઉધનાઝોન તરફથી માહિતી પૂરી પડાયેલ તે અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદારની અપીલના મુદ્દાનં.૨ માં આરટીઆઈ/૫૭૪ તા.૯–૨–૧૨ ના ડે.કમિ.(પીએન્ડડી) તરફથી અપાયેલમાહિતી બાબતે અરજદારને ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબની માહિતી પૂરી પાડવાની રહે જે પૂરી પડાયેલ નથી. અપીલના મુદ્દા નં.૩ માં જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ નથી જે અંગે ત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૯૮૮

તા.૨૩–૨–૧૨ થી સમયઅવધિ બાદ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારને સમય અવધિ બાદ રૂા.૨/– ભરી ચાર્જશીટની નકલ બાબતે રૂા.૨/– ભરપાઈ કરી મેળવવાનું જણાવેલ છે.જે આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) અને ૭(૩) સાથે સુસંગત નહોઈ અરજદારને આરટીઆઈ કાયદાનીકલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે માહિતી આપવાની રહે. તેવી જ રીતે જાહેર માહિતી અધિકારી વીઆઈઓ તરફથી આપેલ માહિતી તેમના જ પત્ર સંદર્ભે આપેલ સાઉથઝોનની માહિતી સાથે સુસંગત નથી તેથી તે અંગે ફેર ચકાસણી કરી મુદ્દાનં.૩ અને ૪ નીદફતરી માહિતી આપવી રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૦૯–૩–૧૨ ધ્યાને લેતાં ૦૭–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.તેવી જરીતે જાહેર માહિતી અધિકારી વીઆઈઓ તરફથી આપેલ માહિતી તેમના જપત્ર સંદર્ભે આપેલ સાઉથઝોનની માહિતી સાથે સુસંગત નથી તેથી તે અંગે ફેર ચકાસણી કરી મુદ્દાનં.૩ અને ૪ ની દફતરી માહિતી આપવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી ચાર્જશીટ નં.૧૪૪૩ તા.૮–૧૦–૦૭ ની નકલ સમય અવધિ બાદ નાણા ભરી મેળવવા પત્ર પાઠવેલ હોય જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત ન હોય કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા તથા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ. (પીએન્ડડી) તરફથી માંગ્યા મુજબની માહિતી અલગ નિભાવવામાં આવતી નથી તે સુસંગત ન હોઈ જે અંગે કઈ માહિતી અલગ નિભાવવામાં આવતી નથી તે સુસંગત ન હોઈ તે અંગે હકીકતલક્ષી દફતરી ઉપલબ્ધ માહિતી નહીં પૂરી પડાયેલ હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીડીઓ)ને તેમજ નકલ નહીં મળ્યાની અરજદારની રજૂઆત ધ્યાને લઈ નહીં મળેલ નકલ પુનઃ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવેછે.

તે જરીતે મુદ્દાનં.૩ અને ૪ ની માહિતી અંગે પુનઃ ચકાસી દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી વીઆઈઓને જણાવવામાં આવે છે તથા થયેલ કાર્યવાહીની વિગતોની જાણ અત્રે કરવા તમામને જણાવવામાં આવેછે.

(સી.વાય.ભટ્ટ)
ડે.કમિશ્નર )
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીડીઓ) , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રાહમભટ્ટ,